# નિયમ સંગ્રહ–૧

## ગુજકોસ્ટ માહિતી :-

માનવ ઉત્ક્રાતિમાં અને માનવજાતનાં વિકાસમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહ્ત્વનો ફાળો રહ્યો છે. સતત વિકસતી જતી ટેકનોલોજી અને હાલની પરિસ્થિતીઓનો સમન્વ્ય કરીને રાજ્યના વિકાસમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય એ હેતુથી જ સપ્ટેમ્બર ૧૯૮૬ માં ગુજરાત સરકારે શિક્ષણ વિભાગમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ની સ્થાપના કરી હતી.

ગુજકોસ્ટ શરૂઆતથી જ ટેકનોલોજીના જાણકારો અને તેના વપરાશકારો વચ્ચે સંવાદ જાળવવા માટે કાર્યશીલ છે. તે માટે એક બાજુ તે વિજ્ઞાનીઓ અને એંજિનિયરોને તો બીજી બાજુ સરકારી વહીવટદારો અને કાયદાનાં ઘડવૈયાઓને એક પ્લેટફોર્મ પર બોલાવતી રહે છે. રાજ્યમાં પ્રવર્તી રહેલ પછાત સ્થિતી અને ગ્રામ્ય બેરોજગારી અને ગરીબીને દૂર કરવા તથા રાજ્યનાં વિકાસકાર્યોને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો જ્યાં ઉપયોગ કરી શકાય તેવા ક્ષેત્રો શોધતી રહે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિકાસ માટે તે વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ રિસર્ચ , સરકારી એજંસીઓ અને ઉદ્યોગો વચ્ચે સંપર્ક અને સહકાર સાધે છે.

આ બધી પ્રવ્રુતી દ્વારા ગુજકોસ્ટ વિકાસ અને સંશોધનોનાં નવાં સોપાનો સર કરવા માટે વૈજ્ઞાનિક વાતાવરણ સર્જવા પર ધ્યાન આપી રહ્યુ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી અને અર્થકારણ વચ્ચે મજબૂત સાંકળ બનીને ગુજકોસ્ટ રાજ્યની સમાજ –અર્થવિજ્ઞાનની મહ્ત્વની સમસ્યાઓ ઉકેલે છે. નાગરિકોનુ કલ્યાણ કરવા તથા તેમનું જીવન ધોરણ સુધારવા માટે તે પ્રેરક બળ છે.

ગુજકોસ્ટ સોસાયટીજ રજિસ્ટ્રેશન એક્ટ –ક્ષ -૧-૨-૨૦૦૦ કાયદા હેઠળ રજિસ્ટર થયેલું સ્વાયત એક્મ છે અને તે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કામ કરે છે. તેના ગવર્નિંગ બોર્ડમાં વિધાનસભાના એડમિનિસ્ટ્રેશન અને મેનેજમેંટ બાબતોના ચેરમેન તથા શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના માનનીય પ્રધાનશ્રી ચેરમેન રહેશે.

# સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

## અ. સંગઠનની વિગતો

ભારત સરકારે રાજય કક્ષાએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી નીતિ અને યોજનાઓ ઘડવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદો રચવા અને યોજના અને કાર્યક્રમોના અમલ માટે સંસ્થાકીય માળખુ રચવાના મહત્વ પર ભાર મૂકતાં, રાજયનો અને દેશનો સર્વાંગી ઝડપી વિકાસ થાય તેમજ સામાજિક અને આર્થિક પરિવર્તન થઈ શકે તે માટેના આધુનિક ટેકનોલોજી ધ્વારા વિવિધ ક્ષેત્રો જેવાં કે કૃષિ અને તેના આધારિત ઉદ્યોગો, ઈજનેરી ઉદ્યોગો, વાહન અને સંદેશાવ્યવહાર, સિંચાઈ, બાંધકામ, પર્યાવરણ અને ગ્રામવિકાસ, જાહેર આરોગ્ય, તબીબી વિજ્ઞાન અને શિક્ષણ ઈત્યાદીનો વિકાસ સપ્રમાણ, સર્વાંગી તેમજ ઝડપી થઈ શકે તે માટે રાજય સરકારે સને ૧૯૮૬ના વર્ષમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ)ની રચના કરેલ છે. આ કાઉન્સિલ વધુ સારી અને અસરકારક રીતે કામ કરી શકે તે માટે સને ૨૦૦૦ના વર્ષમાં મંડળીઓની નોંધણીના અધિનિયમ હેઠળ આ સંસ્થાની નોંધણી કરાવી સ્વાયત્ત સંસ્થા બનાવવામાં આવેલ છે. 'ગુજકોસ્ટ' હાલમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળ કામ કરે છે.

## બ. હેતુઓ/ફરજો :–

ગુજકોસ્ટના હેતુઓ/ફરજો નીચે પ્રમાણે છે :

(૧) વિજ્ઞાન અને તકનીકી વિકાસ, માહિતી પ્રસારણ, વૈજ્ઞાનિક વાર્તાલાપના ઉપયોગ માટેના વિવિધ ક્ષેત્રો શોધવા તેમજ એવા ક્ષેત્રો શોધવા જેમાં ઉપલબ્ધ અથવા વિકસિત વૈજ્ઞાનિક અને તકનીકી જ્ઞાનનો રાજયને સામાજિક ક્ષેત્રે ઉચું લાવવા ઉપયોગ કરી શકાય.

(૨) સમાજના બધા ક્ષેત્રે વિજ્ઞાન અને તકનીકની ભાવના પોષવા કે જે તેના ઉપયોગને વધારે, તે માટે તકનીકી, વહીવટી અને કાયદાકીય બાબતો સહિત વિવિધ નીતિઓ અને પગલાઓ અંગે સરકારશ્રીને સલાહ આપવી.

(૩) રાજયની વિકાસ જરૂરીયાત પ્રમાણે વિજ્ઞાન અને તકનીકી યોજનાઓ તૈયાર કરવી અને આ યોજનાઓને રાજયની વાર્ષિક યોજનાઓ સાથે સાંકળવી.

(૪) ખાસ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે વિકાસ અને સંશોધનના પ્રોજેકટ અને કાર્યક્રમો તેમજ પાયલોટ પ્રોજેકટનું નિદર્શન શરૂ કરવું, વિકાસ કરવો, સહકાર આપવો, સંકલન કરવું તેમજ રાજયના કુદરતી સ્ત્રોતોના સફળ અન્વેષણ માટે મદદ કરવી.

(૫) કેન્દ્ર/રાજય સરકાર કે અન્ય જાહેર સંસ્થા/એજન્સીની વિજ્ઞાન અને તકનીકને લગતી યોજનાઓનું અમલીકરણ કરવું.

(૬) વિજ્ઞાન અને વૈજ્ઞાનિક માહિતીના પ્રસારને લોકપ્રિય બનાવવાના ખાસ ઉદ્દેશ્ય સાથે વિજ્ઞાન અને તકનીકના ક્ષેત્રમાં દસ્તાવેજી પુરાવા કેન્દ્રો અને/ અથવા પ્રયોગશાળાઓ ઉભી કરવી અને તેનો વહીવટ કરવો.

(૭) વિજ્ઞાન અને તકનીકના ક્ષેત્રમાં પ્રવૃત્તિઓને પૂરક બનાવવા રાજય સરકાર માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરવું તેમજ સરકારી સંસ્થાઓ સાથે સંકલન કરવું. વિજ્ઞાન અને તકનીકના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓનું સંકલન કરવું જેવાકે શિક્ષણ, તાલીમ, પ્રસિધ્ધિ અથવા માહિતી અને અન્ય બાબતો જે સરકાર ધ્વારા વખતોવખત સોંપવામાં આવે.

(૮) ફેલોશીપ, ઈનામો, ટ્રેઈનીશીપ શરૂ કરવા અને આપવા, સંબંધિત ક્ષેત્રમાં ખાસ સંશોધનને નાણાંકીય સહાય પૂરી પાડવી અને વિજ્ઞાન એન્ડ તકનીકની કામગીરીને લગતા પેપર્સ, પુસ્તકો, જર્નલ્સ, સામાયિકો, સમાચારપત્રો પ્રસિધ્ધ કરવા.

(૯) પ્રીન્ટ મીડીયા અને ઈલેકટ્રોનિક મીડિયા–બંને ધ્વારા વિજ્ઞાન, તકનીક, ઉર્જા અને પર્યાવરણને લગતી માહિતી એકઠી કરવી અને પ્રસારિત કરવી.

(૧૦) કોઈ પણ જાતની જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સામાજિક મોભ્ભો ધ્યાનમાં લીધા વગર, સ્વતંત્ર રીતે કે અન્ય એજન્સી સાથે મળીને વિજ્ઞાન અને તકનીક ક્ષેત્રોમાં તાલીમ કોર્સ, કાર્યશાળા, સેમીનાર, કોન્ફરન્સ, ચર્ચા, વિસ્તૃત વિવરણ, કન્સલ્ટન્સી અને પ્રદર્શનો ગોઠવવા અથવા મદદ કરવી.

(૧૧) પરદેશી વૈજ્ઞાનિક એજન્સીઓ અને તકનીકી મ્યુઝીયમ/કેન્દ્રો તેના જેવી સંસ્થાઓ સાથે વિજ્ઞાન અને તકનીકને લગતા ખાસ ક્ષેત્રોમાં વ્યવસાયિક આપ–લે, અભ્યાસ, પ્રવાસો, તાલીમ, સંયુકત પ્રોજેકટ, તકનીકી સહાય માટે આવી સંસ્થાઓની રચના અથવા વિજ્ઞાન અને તકનીકના વિકાસના હેતુ સાથે સુસંગત હોય તે બાબત અંગે કરાર કરવા.

(૧૨) 'ગુજકોસ્ટ'ની કામગીરીના અમલ માટે જરૂરી ગણાય તેવી સમિતિઓ, અભ્યાસ જૂથો, કાર્યકારી જુથોની રચના કરવી.

(૧૩) વિજ્ઞાન અને તકનીકના વિકાસના હેતુને હાંસલ કરવા માટે, જો જરૂરી જણાય તો નવી સંસ્થાઓ સ્થાપવી અથવા સ્થાપવામાં મદદ કરવી.

(૧૪) વિવિધ સંસ્થાઓ, ટ્રસ્ટો, ઈન્સ્ટીટયુશન કે બોડી કોર્પોરેટ સાથે વિજ્ઞાન અને તકનીકને લગતી કાઉન્સિલની કામગીરીમાં મદદ કરવી અને સંકલન કરવું તેમજ તેમની વચ્ચે સહકાર સાધવો કે જેથી તેમના સમાન ઉદ્દેશને તે અનુરૂપ બની રહે.

(૧૫) વિજ્ઞાન અને તકનીક ક્ષેત્રમાં સામાજિક અને કાયદાકીય ન્યાયની વૃધ્ધિ કરવી.

ક. <u>દુરંદેશીપણું (વિઝન) :–</u>

લોકોમાં વૈજ્ઞાનિક અભિગમનું સિંચન કરી સંશોધન અને વિકાસની પ્રવૃત્તિમાં વેગ લાવી લોકોના જીવનધોરણનું સ્તર ઉચું લાવવું તેમજ રાજયના સામાજીક–આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને આર્થિક વ્યવસ્થા વચ્ચે કડીરૂપ ભાગ ભજવવો.

ડ. <u>પ્રવૃત્તિ :–</u>

<u>વિજ્ઞાન અને પ્રૌધોગિકી નો પ્રચાર અને પ્રસાર</u>

- વિજ્ઞાન અને પ્રૌધોગિકીના પ્રચાર અને પ્રસાર માટે જિલ્લા મથકે લોકવિજ્ઞાન કેન્દ્રો દ્વારા વિજ્ઞાન અને પ્રૌધોગિકીના ક્ષેત્રમાં અંદાજીત ૩૦૦૦ કાર્ય ક્રમ/પ્રવૃતિઓ કરેલ છે. જેમાં અંદાજીત ૮ લાખ વિધાર્થીઓલ શિક્ષકોલ ખેડુતોલ મહિલાઓલ વિગેરે ભાગ લીધેલ છે.
- જિલ્લા અને રાજ્ય કક્ષાની સાયન્સ કવીઝલ સાયન્સ સેમીનારલ સાયન્સ ડ્રામા જેમાં અંદાજે ૨૫૦૦ જેટલી શાળાઓએ ભાગ લીધેલ છે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૦૦૦ જેટ્લી ગુજકોસ્ટ સાયન્સ કલબની સ્થાપના કરવામાં આવેલ છે.
- ગણિત-વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ૩૫ એપિસોડ બાયસેગ સ્ટુડીયો અને ડીડી-૧૧ પર પ્રસારિત કરવામાં આવેલ છે.જેનો લાભ ધોરણ ૮ થી ૧૨ ના વિધાર્થીઓએ લીધેલ છે.

- વિજ્ઞાન અને પ્રૌધોગિકીના ઉભારતા વિષયો પર સેમીનાર/સિમ્પોઝીયમ/વર્કશોપને નાંણાકીય સહાય આપવામાં આવેલ છે.

**કચેરી શરૂ થવાનો સમય : સવારે ૧૦:૩૦ કલાક**

**કચેરી બંધ થવાનો સમય : સાંજે ૬:૧૦ કલાક**